ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૧૦-૨૦૧૪, ગુરુવાર

## તંત્રી સ્થાનેથી....

### અંદર બહાર દીવા પ્રગટાવવાનું પર્વ

દિવાળી એ ભારતીય સંસ્કૃતિનો પર્યાયવાચી પર્વસમૂહ છે. એ દીપોત્સવ છે - પ્રકાશનું પર્વ છે. દીપોત્સવી હવે ભારતના આંતરરાષ્ટ્રીય પર્વ તરીકેની પ્રતિષ્ઠા ધરાવે છે. હિંદુ સંસ્કૃતિમાં પૂર્ણિમાનું વિશેષ મહત્ત્વ છે, પરંતુ દીપોત્સવી અમાસનો ઉત્સવ છે. અંધકારને તમસનું પ્રતીક ગણીએ તો દીપોત્સવી એ આંતર્બાહ્ય અંધકાર પર વિજયનું પર્વ છે. અંધકાર પછી ઉજાશની શકયતા છે - એવી શ્રદ્ધાનું પર્વ છે. વાક્ દ્વાદશી અર્થાત્ વાણીબારસ એ સરસ્વતી ઉપાસનાનું પર્વ, બીજે દિવસે ધનતેરસ-હિંદુ સમાજ માટે વણજોયું મુહૂર્ત. ધન સાથે એનો અનુબંધ કઇ રીતે જોડાઇ ગયો હશે એ સંશોધનનો વિષય છે. મૂળે એ ધન્વંતરિ ત્રયોદશી છે. ધન્વંતરિ આરોગ્યના દેવ છે. સમુદ્ર મંથન વખતે અમૃત કુંભ લઇને પ્રગટેલા ધન્વંતરિ દેવોના વૈદ્ય છે, આયુર્વેદના જનક છે. આરોગ્યથી મોટું બીજું કયું ધન હોઇ શકે? આરોગ્ય હશે તો લક્ષ્મી પણ આપોઆપ આવશે. ધનતેરસને લક્ષ્મીપૂજનનું પર્વ ગણી લેવાયું છે. એ દૃષ્ટિએ ધનતેરસ ચોપડા ચોખ્ખા કરવાનું પર્વ છે. સ્વસ્થ અને સ્વચ્છ જીવન - તે પણ વિષ્ણુપ્રિયાની સાક્ષીએ. આ શુકનવંતા દિવસની લગોલગ આવે છે કાળી ચૌદશ. જરા કલ્પના તો કરો, વર્ષનો સૌથી શુકનવંતો દિવસ અને સૌથી અપશુકનિયાળ દિવસ - બેઉ લગોલગ એકી સાથે આવી શકે ખરા? આ પણ કોઇ ફળદ્રુપ ભેજાની જ કલ્પના. કાળી ચૌદશ માટે કાલ રાત્રિ જેવો પર્યાય પર યોજાયો છે. એ આકરા દેવતાઓની ઉપાસના-સાધનાની રાત્રિ છે. હનુમાન, મહાકાલી, કાળ ભૈરવ કે પછી મહુડીના ઘંટાકર્ણ મહાવીર : ચૌદશ એમની કઠોર તંત્ર-સાધનાનો દિવસ છે. તાંત્રિકો સ્મશાનમાં સાધના કરે છે. કહે છે, કાળી ચૌદશના આંજ્યા કોઇની ન જાય ગાંજ્યા. આ દિવસે રસોઇમાં પણ લોકો કકળાટ કાઢે છે - તળેલી વાનગીઓ ખાય છે. દિવાળી એ તમામ પર્વોની મહારાણી છે. એ રાત્રી પર્વ છે. અમાસની રાતને અસંખ્ય દીવડાઓથી ઝગમાગવી મૂકી અંધકાર સામે મનુષ્ય પ્રકાશના વિજયની આલબેલ પોકારે છે. દીવો એ આત્મજયોતનું પ્રતીક છે. ઘોર અંધારી રાત જેવા સંસારમાં આત્માની ઝળહળ જયોતના અજવાળે તરી જવાનો ઉદ્યમ એ જ દિવાળી. નરક ચતુર્દશીના દિવસે નરકાસુરને હણી સોળ હજાર એકસો ભ્રષ્ટ થયેલી નારીઓને કૃષ્ણે ઈજ્જત બક્ષી, પત્નીનો દરજ્જો આપ્યો. એનો મહોત્સવ ઊજવાયો તે દીપોત્સવી. રામ ચૌદ વરસનો વનવાસ પૂરો કરી દિવાળીના જ દિવસે અયોધ્યા પાછા ફર્યા હોવાનું કહેવાય છે. બલકે એમના પ્રિય રાજાના પુનરાગમનના હરખનાં લોકોએ ઘેર ઘેર દીવા કર્યા અને આતશબાજી માણી, તે આ દીપોત્સવીનો પ્રારંભ. ભગવાન મહાવીરનો અને આતશબાજી માણી, તે આ દીપોત્સવીનો પ્રારંભ. ભગવાન મહાવીરનો અને મહર્ષિ દયાનંદનો એ નિર્વાણ દિવસ છે. વિક્રમ સંવતની એ પૂર્ણાહૂતિ છે. ગુજરાતમાં એ નવા વરસની પૂર્વસંધ્યા - પૂર્વ રાત્રીનો ઉત્સવ, અર્થાત્ વરસનો અંતિમ દિવસ. દિવાળીએ આપણાં વર્ષ દરમિયાનનાં સારાં માઠાં કર્મો અને કમાણીના સરવૈયાનું પર્વ છે. અલબત્ત બધાની દિવાળી સરખી નથી હોતી.. જેને ફળે છે એના પાસા પોબાર છે, જેને નડી છે એનાં ડૂસકાં ખૂટતાં નથી. કોણ જાણે આવતી દિવાળીએ આપણે હોઇશું કે નહીં. એટલે ચાલો, આજનો ઓચ્છવ રંગેચંગે રંગોળી-આતશભાજી અને દીપમાલિકાના સંગે માણી લઇએ... સૌને શુભ દીપાવલી. ખુશ રહો, હર ખુશી હો તુમ્હારે લિએ...

## ફરી પાછી આવી જુઓ આ દિવાળી

ફરી પાછી આવી જુઓ આ દિવાળી,
કેવી ઝગમગે છે જુઓ રાત કાળી.
કપટને ચાલોને હવે દિલમાંથી
સ્નેહથી કાઢી લો તમે સંજવાળી.
જૂના વાસણ જેવા સંબંધો પડ્યા છે,
પ્રેમથી માંજી લો હવે એ ઉજાળી...
હટાવો સૌ જાળા તમે મનમાંથી,
કરો યાદ એને, હતા ગઇ દિવાળી.
દિલમાં ઉજાસ ને કોઇક ઝૂંપડામાં,
શકો છો તમે પણ દઇ પ્રજવાળી,
તમસને તામસની લૂમે-લૂમ- પડી છે,
મૂકી જ્ઞાન તણખો હવે દોને બાળી.
કયા રંગ કરશો પસંદ રંગોળીમાં?
જીવનને રંગી દો ચાલો આ દિવાળી.
સજાવી દો સઘળા કામોને દિપાવી,
પધારે ભલે રામ ખુદ આ દિવાળી.

- ડો. મુકેશ જોષી

# યુવાનોને 'આપણી સરહદો ઓળખો'

# પ્રવાસમાં જોડાવા આમંત્રણ

## કચ્છ-બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારોનું લોકજીવન જોવાલાયક સ્થળો અને સૈન્યના જવાનોની જિંદગીને નજીકથી જોવાનો અવસર

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત રાજયના ૧૫ થી ૩૫ વર્ષ સુધીના યુવક યુવતીઓને રાજયના સરહદી વિસ્તારો ત્યાંનું લોકજીવન, ઐતિહાસિક તેમજ પુરા તત્વીય સ્થળો, સાગરકાંઠો, રણ વિસ્તાર વગેરેનો પ્રત્યક્ષ અનુભવ થાય તેમજ ત્યાંની મુશ્કેલીઓ અને જીવનની હાડમારીઓ વચ્ચે સરહદોનું રક્ષણ કરતા સૈન્યના જવાનો વિશે જાણવા મળે તે હેતુથી રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજય યુવક બોર્ડ દ્વારા દર વર્ષે કચ્છ બનાસકાંઠા જિલ્લાના વિવિધ સરહદી સ્થળોનો સાહસિક પ્રવાસ યોજવામાં આવે છે. આ વર્ષે પણ આ પ્રવાસનું દસ દિવસ માટે આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવાસ માટે રાજયભરમાંથી ૨૦૦ યુવક યુવતીઓને ભાગ લેવાની તક આપવામાં આવશે.

આ પ્રવાસમાં જોડાવા માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૨૫મી ઓકટોબર છે જેની ઉંમર તા. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની મર્યાદામાં આવતી હોય તેઓ આ પ્રવાસ માટે પાત્ર ગણાશે. આવી વ્યકિતઓએ સાદા કાગળ પર પોતાના નામ, સરનામા સાથે જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વ્યવસાય, રમત-ગમત પ્રવૃતિ, પર્વતારોહણ,એનસીસીમાં ભાગ લીધો હોય તેની વિગતો સાથે શારીરિક તંદુરસ્ત હોવા અંગેનું પ્રમાણપત્ર, વાલીનું સંમતિપત્ર, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો, ઓળખકાર્ડ તેમજ અગાઉ જો આ કાર્યક્રમમાં ભાગ લીધો હોય તો તેની વિગત રજૂ કરવાની રહેશે. આ અરજી તમામ પુરાવા સાથે તા. ૨૫મી ઓકટોબર સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, બહુમાળી ભવન, રૂમ નં. ૪૧૧, ત્રીજો માળ, ભુજ, જિલ્લો-કચ્છ, પીન-૩૭૦૦૦૧ને મોકલી આપવાની રહેશે. આવેલ કુલ અરજીઓમાંથી પસંદગી સમિતિ દ્વારા યોગ્યતા ધરાવતા ૨૦૦ યુવક-યુવતીઓની આ પ્રવાસ માટે પસંદગી કરાશે અને તેમને પત્ર દ્વારા જાણ કરાશે. આ પ્રવાસમાં જોડાનારે પ્રવાસ ખર્ચ જાતે ભોગવવાનો રહેશે જયારે નિવાસ-ભોજનની વ્યવસ્થા સરકારના ખર્ચે કરવામાં આવશે.



## દહેગામમાં રોલ પ્લે પ્રદર્શન યોજાયુ

ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના ચોથા વર્ષ બી.એસ.સી. તથા પહેલા વર્ષ એમ.એસ.સી.ના વિદ્યાર્થીઓ દ્વારા દહેગામમાં રોલ પ્લે તથા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

દહેગામની બહેરામુંગાની સ્કૂલ તથા દહેગામ સરકારી દવાખાનામાં સ્ત્રી ભ્રુણ હત્યા, સ્વચ્છતા, બેટી વધાવો તથા તરૂણા વસ્થાની સમસ્યાઓ અને સારવાર, વૃદ્ધોની સમસ્યાઓ અને સારવાર અંગે રોલપ્લે કરવામાં આવ્યો હતો તથા કુટુંબ નિયોજન, સગર્ભા દરમ્યાનની સારવાર ઉપર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૫૦ તરૂણીઓની તપાસ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું માર્ગદર્શન પ્રિન્સીપાલ, કેમ્પસ ડાયરેક્ટર તથા નિકિતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગાંધીજીવન ગ્રામ પદયાત્રા યોજાઈ

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરા દ્વારા ૨૨૦ વિદ્યાર્થીઓ અને ૧૯ સેવક પ્રાધ્યાપકો સાથે ૧૯ ટૂકડીઓ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકા અને અમીરગઢ તાલુકાના ૭૬ ગામડાઓમાં ચાર દિવસ સુધી ગાંધી જીવન ગ્રામ પદયાત્રા કરી.

ચીલા ચાલુ ધાર્મિક પદયાત્રાઓ કરતાં આ પદયાત્રા જુદા પ્રકારની હતી. ૭૬ ગામડાઓની પ્રાથમિક શાળાના ૧૧૪૦૦ બાળકો અને ૪૨૦૦૦ ગ્રામજનો વચ્ચે રહી પોસ્ટર પ્રદર્શન, સ્વદેશી રમતો રમાડવી, શેરી નાટક, સંસ્કાર કાર્યક્રમ, પ્રભાતફેરી, વ્યકિતગત મુલાકાત, ઘર મુલાકાત દ્વારા સાંપ્રત સમયની સમસ્યાઓ જેવી કે વ્યસન, નિરક્ષરતા, ગંદકી, પર્યાવરણ, પાણી, ઉર્જા અને પ્રદૂષણ એ માનવ જીવન સાથે વણાયેલી છે જેને ઉકેલવાનો પ્રયાસ હાથ ધરાયો.

દાંતા તાલુકાના નાની ટુંડિયા, મુહુડી, ગઢ અને ગોરાડ ગામમાં ટુકડી નંબર ૧ ઉના પદયાત્રીઓએ પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિશિષ્ટ કામગીરીના ભાગરૂપે ગોબર ગેસ પ્લાન્ટ બનાવી વિના મૂલ્યે ઉર્જા પ્રાપ્ત કરવા માટે ચાર કુટંબોને તૈયાર કર્યા. રાષ્ટ્રીય સેવા એકમના પ્રા. નિરજ સિલાવટ અને ડૉ. ઉદાજી પરમારએ પદયાત્રા ગોઠવણીમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

## હરિની દૃષ્ટિ...




**બેટા, તે આ દિવાલ પર લખ્યું છે તે ફેસબુકની વર્ચૂઅલ વોલ નથી... સાચે જ મહેમાન આવશે... અને તારે ગેઝેટ્સ બાજુમાં મૂકીને આવકારવા તૈયારી રાખવી પડશે...!!**

## અંધારી દિવાળી...

ફટાકડાંની દૂકાનથી દૂર હાથમાં
સિક્કા ગણતો મેં એને જોયો...
એક ગરીબ બાળકની આંખમાં
મેં દિવાળી તહેવારને મરતો જોયો...
ઈચ્છા એનેય હતી નવાં કપડાં પહેરવાની
પણ એનાં જ જૂના કપડાંને મેં સાફ કરતાં જોયો.
આપણે રડીએ સદાય દુઃખોના રોદણાં
એને તો ચૂપચાપ મેં દુઃખ ગળતાં જોયો
નહોતાં એને મા-બાપ
એને માનો પ્રેમ અને બાપની
ગેરહાજરીને અનુભવતાં જોયો.
જયારે મેં કહ્યું, 'શું જોઈએ છોકરાં?'
ચુપચાપ હસીને 'ના' નું માથું હલાવતાં જોયો
એની ઉંમર હતી બહુ નાની
એની અંદરના સ્વમાનને મેં જોયો
રાત્રે આખા શહેરની રોશની વચ્ચે
એનો હસતો પણ લાચાર ચહેરો જોયો
આપણે જીવીએ છીએ શાનથી અહીં
એને જીવતે જીવત શાનથી મરતો જોયો...
હચમચાવી ગઈ આ દિવાળી મને
જિંદગીની જયારે બીજી બાજુને જોઇ
કોઈ મનાવે છે જશ્ન
અને કોઈ રહે છે ત્રસ્ત...
મેં એ જોયું
જે આપણે બધાંએ જોઈને પણ ન જોયું
લોકો કહે છે, તહેવાર છે જિંદગીમાં ખુશીઓ માટે
તોં મેં કેમ એને મનમાં ને મનમાં મુરઝાતો જોયો?

- સંજય થોરાત

## જોવા છે ગાંધી?

પાંપણમાં ભીનાશ હશે તો દેખાશે એ,
રૂદિયામાં કુમાશ હશે તો દેખાશે એ.
પથ્થરના મંદિરમાં તો વક્કર જશે -
હાથોમાં ગુલાબ હશે તો દેખાશે એ.
ટમટમતા તારામાં શીદ શોધો છો એને?
કૂબામાં અજવાશ હશે તો દેખાશે એ.
આંચ તમે છાંડો છો આખા ભરચક ભાણાં,
ભૂખ્યા જનનો વાસ હશે તો દેખાશે એ.
ઝળહળતા દીવાથી ગોત કરો છો, કિન્તુ
માનવતાની લાશ હશે તો દેખાશે એ?
સાચ બિચારું સંતાયું છે કો' ખૂણામાં,
જૂઠ્ઠાનો ઘોંઘાટ હશે તો દેખાશે એ?
હાથ તમારો અડક્યો છે ચરખાનો કે દિ'?
યંત્રોનો ઉલ્લાસ હશે તો દેખાશે એ?

- રણછોડ વી. પરમાર

# અમારા મતે દરેક માણસે સમાજના અન્ય લોકો તરફથી મળતી માગેલી અને વણમાગેલી સલાહ અને સૂચનોને આવકારવા જોઇએ, આમાં કયાં કોઇ ફી ચૂકવવી પડે છે કે કયાં કોઇ જાતનું નુકશાન થયાનો ભય રહેલો છે

## સલાહસૂચન ડોટ કોમ

- બિપિન ત્રિવેદી

શાણા માણસોની સલાહ હંમેશા સોનેરી હોય છે. એટલા માટે જ શહેનશાહ અકબર જેવા સમ્રાટ શાણા માણસોના સલાહસૂચન સહેલાઈથી મળી રહે તે માટે તેમના દરબારમાં નવ રત્ન રાખતા હતા. એટલે કે રત્ન સમાન નવ સલાહકાર નરોને ખાસ આ કામ માટે તેમણે નિયુક્ત કર્યા હતા. અને કદાચ આ સલાહકારોના કારણે જ ઈતિહાસમાં તેની ગણના મહાન શહેનશાહ તરીકે થાય છે. અંગ્રેજો પણ વહીવટમાં મદદરૂપ થાય તેવા નિષ્ણાતોને એડવાઈઝર તરીકે નીમતા હતા. આજે પણ આપણે ત્યાં જયારે કોઈ રાજયમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ પાડવામાં આવે છે ત્યારે રાજયપાલને વહીવટમાં નિર્ણય લેવામાં મદદરૂપ થાય તે માટે રાજ્યપાલના એડવાઈઝરની નિમણૂક કરવામાં આવે છે.

અમારા મતે દરેક માણસે સમાજના અન્ય લોકો તરફથી મળતી માગેલી અને વણમાગેલી સલાહ અને સૂચનોને આવકારવા જોઈએ. આમાં કયાં કોઈ ફી ચૂકવવી પડે છે કે કયાં કોઈ જાતનું નુકશાન થયાનો ભય રહેલો છે. ઊલટું લોકોએ આપેલા સલાહસૂચનમાંથી જ આપણા પ્રશ્ન કે મૂંઝવણનો ઉકેલ મળી આવવાના ચાન્સીસ રહેલા હોય છે. કોઈ 'કેમ છો?' એમ પૂછે કે તરત આપણી સમસ્યા રજૂ કરી દેવાની. ઘણા તો સારું એટલું તારું.... એ ન્યાયે એક કરતાં વધુ સૂચનો ઉદારતાપૂર્વક આપી દેતા હોય છે. જેથી આપણને અજમાવવા માટે એકથી વધુ ઓપ્શન મળી રહે. સલાહસૂચન ફક્ત ઓળખીતા લોકો પાસેથી જ મળી શકે એવું નથી હોતું. બસ કે રેલ્વેમાં મુસાફરી દરમિયાન અથવા પાનના ગલ્લા પર કે ચાની લારી પર પણ અજાણ્યા સજ્જનો આગળ વાતચીતમાં તમારી સમસ્યા રજૂ કરશો કે તરત તેનો પ્રતિભાવ સાંપડશે. સલાહસૂચન આપવાની બાબતમાં આપણે લોકો માનવતાવાદી અને ઉદાર હોઈએ છીએ. જો તમને કોઈ જાતની બિમારી થઈ હોય અને તમે કોઈની પાસે તેની વ્યથા રજૂ કરશો તો તરત સામાવાળા તે મટાડવા માટેના ઘરગથ્થું ઉપચાર બતાવવા માંડશે. તો ઘણાં તો આ બિમારીની મફત સારવાર કયા ટ્રસ્ટના દરવાખાનામાં થાય છે તે કહેવા માંડશે. જયારે અન્ય કોઈ તો અમુક ઓલિયા કે બાબાનું સરનામું આપી કોને તેમની દુવાથી કેવો ફાયદો થયો હતો તેની રોચક વાતો કહેશે. જરૂરી નથી કે આ વાતો ખાતરીબદ્ધ અને અનુભવેલી હોય.

અમારા પરમ સખા અને વડીલ એવા શંકરલાલ આને જ 'ઓલ્ટરનેટીવ શેરાપી' કહે છે. તેમના મતે જયારે આપણા ફેમિલી ડૉકટર અમુક બિમારીમાં કાંઈ ઉકાળી ના શકે અને બીજા મોટા ડૉકટર પાસે જવા માટે ચિઠ્ઠી લખી આપે (બીજા અર્થમાં પોતે હાથ અદ્ધર કરી દે) ત્યારે મોટા કસાઈ વાડે હલાલ થવા માટે જતાં બકરાંની પેઠે તરત દોડી જવું ન જોઈએ. પરંતુ ઉપર જણાવેલી 'ઓલ્ટરનેટીવ થેરાપી' અજમાવી લેવી જોઈએ. એટલે કે પહેલાં તો જેટલા લોકો પાસેથી મળે તેટલાં ઘરગથ્થું ઉપચારો અને અન્ય ઉપાયો મેળવી લેવા જોઈએ. ત્યાર પછી જેમાં રૂપિયા ખર્ચવા ન પડે તેવાં ઉપાય પહેલાં અજમાવી જોવાના. પછી પણ જો સારું થતું ન જણાય તો પછી દુવા આશિષથી મટતું હોય તો તે પણ અજમાવી જોવાનું.

કોઈએ આપેલા સલાહસૂચનનો અમલ કરવો કે ન કરવો તે માટે આપણે તો સંપૂર્ણ રીતે બંધનમુક્ત જ હોઈએ છીએ ને! વળી આપણે આપણી વિવેક બુદ્ધિ ને કયાં ગીરવે મૂકી છે. પરંતુ હા, જે લોકોમાં વિવેક બુદ્ધિની જન્મજાત ઊણપ હોય તેઓને નુકશાન થવાનો ભય ખરો. કારણ કે એવા લોકો કોઈનીય સલાહ કે સૂચન મળે એટલે સારાસારનો વિચાર કર્યા વિના તુરત જ તેનો અમલ કરવા લાગી જતાં હોય છે. ઘણાં એવા પણ હરખદુડાં પરદુઃખભંજન સજ્જનો અને સન્નારીઓ હોય છે કે જેઓને બીજાના ઉપર પ્રયોગ કરવામાં મજા પડતી હોય છે. કયાંક કંઈક વાંચેલું હોય કે કયાંક કોઈકની પાસેથી કંઈક સાંભળેલું હોય તે યાદ રાખીને તેનું વમન સલાહસૂચન રૂપે કોઈની પાસે જયાં સુધી તેઓ કરે નહીં ત્યાં સુધી તેમના બેચેન જીવને ચેન પડતું નથી હોતુ.

અમારા પરમ સખા અને વડીલ એવા શંકરલાલના ઘરડાં માડી જેમને બધાં ઓળખીતાં લોકો તેમની દરેક બાબતમાં ડખોડખલ કરવાની વર્સેટાઈલ ખૂબીને લીધે ડખાગૌરી, ડખેશ્વરી માતા ઉર્ફે ડોશી ડખડખ યાને કે છૂંછી ડોશી ના હુલામણા નામથી ઓળખે છે તેમણે તો આ માટેની ખાસ ડાયરી રાખેલી છે. ડાયરીમાં પદ્ધતિસર અલગ અલગ વિભાગ રાખવામાં આવ્યા છે. જેમાં આરોગ્ય વિષયક, વાનગી વિષયક, ઔષધિ વિષયક તથા અન્ય વિવિધ વિષયક તથા અન્ય વિવિધ વિષયક બાબતોને સુચારું રીતે સંગ્રહીત કરવામાં આવી છે. કોઈ મેગેઝીન કે છાપાની પૂર્તિમાં છપાયેલા નુસખા હોય કે મહિલામંડળમાં કર્ણપકર્ણ સાંભળેલી ઉપયોગી માહિતી હોય તે ડાયરીમાં અચૂક નોંધી લે. અમારી સોસાયટીમાં કયારેક કોઈને પણ કોઈ પણ બાબતમાં કોઈ પ્રશ્ન કે મૂંઝવણ ઊભી થાય અને તેનો ઉકેલ ન મળતો હોય તો '૧૦૮' તરીકે ડખેશ્વરી માતાનો સંપર્ક કરતાં હોય છે. સુવાવડી બાઈએ શું ખાવું જોઈએ અને શું ન ખાવું જોઈએ કે કોઈને સંતાન થતાં ન હોય તો શું કરવું કે પૂરી અને ભજિયામાં તેલ રહેતું હોય તો શું કરવું જોઈએ તે બાબત હોય કે અન્ય કોઈ પણ બાબત હોય તેમની પાસે ઉપાય ના હોય તેવું બને જ નહીં ને.

કોઈ સંસ્થા કે ગૃપમાં તમારી કર્તાહર્તા કે નેતા તરીકે વરણી થાય એટલે તમને વણમાગી સલાહ આપનારા આવી મળનારા. તમારે અગાઉથી આ માટેની માનસિક તૈયારી કરી રાખવી સારી. મનમાં તો તમને એમ થાય કે... આનો ટોટો પીસી નાખું. પણ બહાર તો તમારે તોં મલકાવીને સલાહસૂચનરૂપી કડવી દવા પીવી જ પડવાની. તો જ તમે તમારી વરણી યોગ્ય થઈ છે તેવું સાબિત કરી શકશો. અમને તો લાગે છે કે સરકારે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તે માટે લોકો પાસેથી સલાહસૂચનો મેળવવા માટે અલગ ખાતાની રચના કરવી જોઈએ. પક્ષના કોઈ ઉતપાતીયા નેતાને આ ખાતામાં સેટ કરીને ઠેકાણે પણ પાડી શકાય. સરકારમાં જેટલા ખાતા છે. (સરકારમાં બધા ખાતાપીતા છે તેવું નકારાત્મક ન વિચારવું) તે તમામને લગતાં સૂચનો જાહેર જનતા પાસેથી મંગાવી શકાય. ઉત્તમ અને વાયેબલ સૂચન મોકલનારને 'સૂચન શિરોમણી' નો ખિતાબ આપીને નવાજી શકાય. મળેલા સૂચનોને વોલ્યુમ સ્વરૂપે બહાર પાડી તેના પૃથ્થક્કરણ અને અભ્યાસ કરી તેના પર અમલ કરવા માટે કેટલું આંધણ કરવું પડશે તેની સલાહ આપવા માટે અલગ કન્સ્લટન્ટ કે પ્રધાનોના કાર્યજૂથને નીમી શકાય.

આપણા નરેન્દ્રભૈ પણ સલાહસૂચન આપવા લેવાની બાબતમાં નખશિખ પ્રમાણિક છે. તેઓ છેક યુનોમાં જઈને યુનો વાળાને 'વર્લ્ડ યોગ ડે' ઊજવવાનું સૂચન કરી આવ્યા. તો વળી જાહેર જનતા પાસેથી સલાહસૂચન મેળવવા માટે તેમણે સત્તાના સૂત્રો સંભાળતાવેંત જ 'માય જીઓવી ડોટ ઈન' નામની સરકારી વેબસાઈટ પણ ખોલી નાખી. સરકારે શું કરવું જોઈએ અને શું ના કરવું જોઈએ તે માટેની વણમાગી સલાહ આપણાની દેશવિદેશના અમારા જેવા સતપતીયા જીવો અને સંસ્થાઓની વૃત્તિથી તેઓ સજાગ હશે. તેથી આ વેબસાઈટ દ્વારા તેઓએ બધાંને ખુલ્લું આમંત્રણ પાઠવ્યું છે. આ હિસાબે તેઓને પ્રજાની નાડ પારખનારા એક સારા નાડી વૈદ ગણવા જોઈએ. જો કે તેમની કાર્યશૈલી નહીં જાણનારા ઘણા અલ્પમતિ જીવો આને... આરંભે શૂરા... જેવું ગણે છે. જયારે બાકીના બીજા બધા તો તેમને પુરા શૂરા કે શૂરાપુરા માને છે.

અમને પણ સલાહ પહોંચાડવાની ખણજ કયારની ઉપડી છે. અમારું પહેલું નમ્ર સૂચન એ છે કે આ વેબસાઈટનું નામ બદલી ને સલાહસૂચન ડોટ ઈન... કે આઉટ... એવું કંઈક રાખવું. જેથી કરીને નામ વાંચતાવેંત જ માણસને ખબર પડી જાય કે આ સાઈટ શાના માટે છે. બીજું સૂચન નમ્ર નથી પરંતુ સોનેરી અને આગ્રહ ભર્યું જરૂર છે. તે છે સ્વચ્છ ભારત અને ગંગાશુદ્ધિકરણ યોજનાને અસર કરતું. આપણી પ્રજાની રોકડી... કરી... લેવાની માનસિકતા અને વલણોને ધ્યાને રાખીને અમોએ પુખ્ત અને કાળજીપૂર્વકની વિચારણાને અંતે આ સૂચન કરવાનું વિચારેલ છે. આપણી પ્રજા પસ્તી અને નાનો મોટો ભંગાર પણ કેવો કાળજીપૂર્વક સાચવીને રાખે છે અને તે રસ્તા ઉપર ફેંકી દેતા નથી. ભંગારની અને પસ્તીની લારી વાળો આવે ત્યારે વસ્તુઓ વેચીને ગૃહિણીઓ રોકડી કરી લેતી હોય છે. તેથી જો સ્વચ્છ ભારત અને ગંગાશુદ્ધિકરણ યોજના સફળ કરવી હોય તો અમારા મતે સરકારે બીજું કંઈ કરવાની જરૂર નથી. આ યોજના માટેના બજેટમાંથી નીચે જણાવેલો નુસખો અજમાવવા જેવો છે. ફક્ત એટલી જ જાહેરાત કરવાની જરૂર છે કે સરકાર જાહેર જનતા. વેપારીઓ તથા ઔદ્યોગિક એકમો પાસેથી તમામ પ્રકારના દુષિત, પ્રદૂષિત કચરા, એંઠવાડ સહિતની રદ્દી અને નકામી કચરપટ્ટી જેવી વસ્તુઓ તથા ફેંકી દેવા જેવી ચીંથરા સહિતની કોઈ પણ વસ્તુઓ સારા ભાવ આપીને તેઓનાં આંગણે આવીને રોકડેથી ખરીદી લેશે. પછી કચરો તો શું નાની કાંકરી પણ લોકો રસ્તા પર કે નદીમાં ફેંકશે નહીં. ઉલ્ટું ઉપરના માળે રહેતા કોઈ બહેન ભૂલથી પણ એંઠવાડ નીચે ફેંકતા હશે તો નીચે રહેવા વાળા બહેન તેમની સાથે પહેલાંની પેઠે ઝઘડો નહીં કરે પરંતુ, જે... રોકડી થઈ... તેમ માનીને ટબમાં તે એંઠવાડ ઝીલી લેશે. કોઈ માણસ રસ્તા પર કાંઈ પણ ફેંકશે તો પાછળ આવતાં કોઈ સજ્જન તે ચૂપચાપ વીણી લેવા હાજર જ હશે... જે રોકડી થઈ...